# 25

**રાજ્યમાં કેમ્પા યોજના**

*** 15/04/777 શ્રી અમિત ઠાકર** (વેજલપુર)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન**

(૧) ગુજરાત રાજ્યમાં વન વિભાગમાં ચાલતી કેમ્પા યોજના શું છે,

(૨) આ યોજના હેઠળ રાજ્યમાં નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ માં કયા કયા કામો હાથ ધરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ હેઠળ વન જમીનના ડાયવર્ઝનની દરખાસ્તોની મંજુરીની શરતો મુજબ વસૂલ કરવામાં આવતી વળતર વનીકરણ અને નેટ પ્રેઝન્ટ વેલ્યુ અને અન્ય રકમના વહીવટ માટે ભારત સરકારના સ્તરે અને રાજ્ય સરકારના સ્તરે કોમ્પેનસેટરી એફોરેસ્ટેશન અને મેનેજમેન્ટ ઓથોરીટી (કેમ્પા)ની રચના કરવામાં આવેલ છે, જેમાં વળતર વનીકરણ કાયદો, ૨૦૧૬ અને તે હેઠળના વર્ષ ૨૦૧૮ના નિયમો મુજબ ઉપરોક્ત વસૂલ લેવામાં આવેલ રકમમાંથી વળતર વનીકરણ અને આનુસાંગિક કામગીરી હાથ ધરવામાં આવે છે.

(૨) આ યોજના હેઠળ રાજ્યમાં નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ માં નીચે મુજબના કામો હાથ ધરવામાં આવેલ છે.

| વિગત | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ |
|---|---|---|
| વન જમીનના ડાયવર્ઝન સામે વળતર વનીકરણની કામગીરી | | |
| નવીન વાવેતર (હેક.) | ૩૭૩૩.૫૫ | ૪૬૨૯.૯૭ |
| જૂના વાવેતરની જાળવણી(હેક.) | ૮૬૬૨.૫૯ | ૧૦૯૩૦.૮૩ |
| આગોતરા કામગીરી (હેક.) | ૪૬૨૯.૯૭ | ૨૨૮૪.૭૮ |
| નેટ પ્રેઝન્ટ વેલ્યુ હેઠળ કામગીરી | | |
| નવીન વાવેતર (હેક.) | ૨૭૨૫.૦૦ | ૪૨૭૯.૯૧ |
| જૂના વાવેતરની જાળવણી (હેક.) | ૪૦૭.૫૬ | ૩૪૯૮.૬૫ |
| આગોતરા કામગીરી (હેક.) | ૪૨૭૯.૯૧ | ૨૧૬૦.૦૦ |
| ભૂમિ–ભેજ સંરક્ષણના કામોની સંખ્યા | ૫૨.૦૦ | ૯૫.૦૦ |
| નર્સરી ઉછેર (રોપાની સંખ્યા લાખમાં) | ૨.૮૦ | ૨.૩૯ |

(૩) કેમ્પા યોજના હેઠળ સને ૨૦૨૧–૨૨માં ૧૬૮.૭૯ કરોડ અને ૨૦૨૨–૨૩માં ૧૬૯.૯૯ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

-----------------